# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૧ તા. ૧-૮-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે સી.આર.સી.કો.ઓ.ની જવાબદારી નક્કી કરવા અંગે.

સંદર્ભ :- પત્રક્રમાંક પ્રાશિનિ/૨૦૧૬/નીતિ/ક/૫૦૧૦-૬૧ તા.૩૦-૦૭-૧૬નો સ્ટેટ પ્રોજેકટ ડાયરેકરશ્રી, એસ.એસ.એ.,ગાંધીનગરનો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શિક્ષણનો ગુણવત્તા સુધારણા માટે સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવતા વિવિધ કાર્યક્રમોના સુચારું અમલીકરણ માટે સી.આર.સી.કો.ઓર્ડિનેટરની કેડર બનાવવામાં આવી છે. શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે તેમણે નિયમિત શાળા અને વર્ગખંડો મુલાકાત લઈને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે. પરંતુ અત્રે ધ્યાન પર આવ્યું છે કે કેટલાંક સી.આર.સી.કો.ઓર્ડિનેટર એમની મૂળભૂત ફરજનું યોગ્ય રીતે પાલન કરતા નથી. પરિણામે શિક્ષણની ગુણવત્તા પર વિપરીત અસર પડે છે. આ અંગે વખતોવખત માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ ધ્યાન દોરવામાં આવ્યું છે.

રાજયકક્ષાએ નક્કી થયા મુજબ હવે પછી શાળાની શૈક્ષણિક ગુણવત્તા માટે જે-તે સી.આર.સી.કો.ઓર્ડિનેટરની સીધી જવાબદારી રહેશે.

- સી.આર.સી.કો.ઓર્ડિનેટર પોતાના ક્લસ્ટરની તમામ શાળાઓના ગુણોત્સવ કાર્યક્રમમાં શૈક્ષણિક ગ્રેડ માટે જવાબદાર ગણાશે.
- પોતાના ક્લસ્ટરની શાળાઓની અને વર્ગખંડોની નિયમિત મુલાકાત લેવાની રહેશે અને આ અંગે શાળાની મુલાકાત પોથીમાં નોંધ કરવાની રહેશે.
- શિક્ષકોને વર્ગખંડ અવલોકન કર્યા બાદ શિક્ષકને મુદ્દા આધારિત સ્પષ્ટ માર્ગદર્શન આપવાનું રહેશે.
- જો સી.આર.સી.કો.ઓર્ડિનેટરના માર્ગદર્શન છતાં યોગ્ય રીતે કામગીરી ન થતી હોય તો સી.આર.સી.કો.ઓર્ડિનેટરે યુ.આર.સી.કો.ઓર્ડિનેટર અને આસિ.એ.ઓ.શ્રી મારફત શાસનાધિકારીશ્રીને લેખિત જાણ કરવાની રહેશે.
- ઉપરોકત બાબતે શાસનાધિકારીશ્રી દ્વારા તાત્કાલિક જરૂરી પગલાં ભરવામાં આવશે.

દરેક મુખ્ય શિક્ષકશ્રીએ તેમના સી.આર.સી.કો.ઓર્ડિનેટરનું નામ તેમની શાળાના મસ્ટરમાં છેલ્લે રાખવું. તેમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટરને શાળામાં આવ્યા સમય અને સહી, શાળા છોડયા સમય અને સહી કરાવવાની રહેશે.

ઉપરોકત બાબતે જે કક્ષાએ ચૂક થયેલ હશે એ કક્ષાએ જવાબદારી નક્કી કરી શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરપણે નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**નોંધ :- પરિપત્ર નં.૧૫૪(૨૦૧૫)મુજબ ચાલુ સત્રમાં શાળા કક્ષાએથી પ્રવાસની પ્રવૃત્તિ તા.૧૦-૧૦-૧૬ પહેલા પૂર્ણ કરવી.**

તા. ૧-૮-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**અગત્યની સૂચના :-**

(૧) પરિપત્ર નં.૪૭/તા.૨૮-૭-૨૦૧૬ અંતર્ગત સામેલ'૩૪' ખાનાવાળી ઓપન ફાઈલ આપેલ તેમાં કોલમ નં.૩,૨૫,૨૬,૨૭,૨૮ અને ૨૯નો જરૂરી સુધારાવાળી નવી '૩૪'ખાનાની ઓપન ફાઈલ **SC Patrak 2016-17 (34 Column) New.xlsx** આ સાથે સામેલ છે જે પ્રમાણે વિગત આપવાની રહેશે.

(૨) પરિપત્ર નં.૪૯/તા.૨૮-૭-૨૦૧૬થી આપને અન્ય પછાત જાતિના વિદ્યાર્થીઓને (ફકત) શિ.વૃ.ની દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે અને તે વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપો આપ મળી રહેશે તેમ જણાવેલ છે. પરંતુ ધાર્મિક લઘુમતિ જાતિના (મુસ્લીમ, પારસી, ખ્રીસ્તી, જૈન, બૌદ્ધ, શીખ) વિદ્યાર્થીઓ કે જેઓને ગુજરાત સરકારની શિ.વૃ.ન જોઈતી હોય અને ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિ.વૃ. જ લેવી હોય તેવા બાળકોને જો પત્રક-૧૨-અ ન બનાવીએ તો ગણવેશ સહાય મળે નહી તેથી તેવા વિદ્યાર્થીઓ માટે પત્રક-૧૫-અ (ધાર્મિક લઘુમતિ ગણવેશ સહાય) માટેની **EXCEL File OBC Patrak 15-A 2016-17.xlsx** અપલોડ કરવામાં આવે છે. તો જે વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિ.વૃ. જ જોઈતી હોય તેમણે પત્રક-૧૫-અ ડાઉનલોડ કરી તેની બે નકલ દરખાસ્ત પત્રક પણ સાથે આપવાનું રહેશે તેથી તે વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મળી રહે. (તમામ પત્રકોની સી.ડી. એક જ બનાવવાની રહેશે.)

તા.૧-૮-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી